सत्यमेव जयते
Government of Gujarat

પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, એસપીઓ, એસએસએ

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩
E-mail : spdssa@gmail.com
Tollfree No. : 1800 233 7965

**પત્રક્રમાંક નં.: એસએસએ/કયુઈસેલ/૨૦૧૮/** ૨૪૭૨૦-૭૫૮

**તા.૧૯/૦૭/૨૦૧૮**

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લા:તમામ
શાસનાધિકારીશ્રી:અમદાવાદ,રાજકોટ,સુરત,વડોદરા

વિષય:પ્રજ્ઞા અભિગમ પ્રમાણે કાર્યપ્રણાલી સુનિશ્ચિત કરવા બાબત...
સંદર્ભ:શિક્ષણવિભાગના તા.૨૯-૧૨-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસએસએ/૧૨૧૭/સિં.ફા.૭૭ /ન

આપ સૌ સુવિદિત છો જ કે સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક સહિતની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧-૨માં NCERTના અભ્યાસક્રમ મુજબ પ્રજ્ઞા અભિગમનો અમલ થઇ રહ્યો છે. પ્રજ્ઞા અભિગમના જૂના સાહિત્યને બદલે આ વર્ષથી NCERTનાં પાઠ્યપુસ્તકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું નવું પ્રજ્ઞા સાહિત્ય અમલમાં મુકાઈ ગયું છે. નવા સાહિત્યની સાથે શિક્ષકોના અભિપ્રાયોને આધારે પ્રજ્ઞા અભિગમમાં પણ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. આ ફેરફારોને ધ્યાને રાખીને આપના જિલ્લાની તમામ સરકારી શાળાઓના ધોરણ ૧-૨માં નીચે મુજબની માર્ગદર્શક બાબતોને ધ્યાને લઇ પ્રજ્ઞા અભિગમનો અમલ થાય તે સુનિશ્ચિત કરશો.

(૧) અભિગમ:

પ્રજ્ઞા એટલે 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન'.પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે બાળકોને પ્રવૃત્તિઓના માધ્યમથી આનંદદાયી શિક્ષણ આપવું. વર્ગનું પ્રત્યેક બાળક પોતાની ગતિએ શીખીને પ્રગતિ કરી શકે તેવી તકોનું નિર્માણ કરવું. બાળક માત્ર શિક્ષક પાસેથી જ નહિ પરંતુ સહપાઠી પાસેથી અને શૈક્ષણિક સાધનોની મદદથી પણ શીખી શકે છે આથી વર્ગમાં આવી પરિસ્થિતિઓનું નિર્માણ શિક્ષકે કરવું. બાળક જ્ઞાનનો સર્જક બને અને જાતે જ જ્ઞાન સંપાદન કરી શકે તેવી તકો આપવી.

(૨) મુખ્ય શિક્ષકની ભૂમિકા:

- પ્રજ્ઞા અભિગમ માટે શિક્ષકોની પસંદગી/ફાળવણી,યોગ્ય વર્ગખંડોની પસંદગી,સાહિત્યની પ્રાપ્તિ,પ્રજ્ઞા વર્ગમાં સાહિત્યની ગોઠવણીમાં શિક્ષકોને મદદ,મળેલ પ્રજ્ઞા ગ્રાન્ટની પ્રજ્ઞા શિક્ષકોને સમયસર ફાળવણી બાળકોને બેસવા માટે શેતરંજીની વ્યવસ્થા વગેરેની સાથે સાથે પ્રજ્ઞા શિક્ષકોને પ્રેરણા,પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાની ભૂમિકા શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- મુખ્ય શિક્ષકે ઓગસ્ટ માસના અંત સુધીમાં પ્રજ્ઞા શિક્ષકોની મદદથી પોતાની શાળા માટે પ્રજ્ઞા અભિગમનું મોડલ પસંદ કરી શાળાના લેટરપેડ ઉપર આ અંગેનું લખાણ સીઆરસીકો.ઓ. મારફત બીઆરસીકો.ઓ.ને મોકલી આપવું.

- સમગ્ર વર્ષ દરમ્યાન શાળાના તમામ પ્રજ્ઞા વર્ગોમાં શાળાએ પસંદ કરેલા પ્રજ્ઞા મોડલ મુજબ જ કાર્ય થાય તે મુખ્ય શિક્ષકે સુનિશ્ચિત કરવું.
- જ્યારે કોઈ વિદ્યાર્થી શાળા છોડીને અન્ય શાળામાં જાય ત્યારે તેને શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે સાથે તેનું પત્રક-ઈ, સ્વાધ્યાયનપોથી, પોર્ટફોલિયો વગેરે પણ આપવું. તેમજ અન્ય શાળામાંથી આવનાર નવા વિદ્યાર્થીના ઉપરોક્ત વસ્તુઓ/પત્રક મેળવવા.

(૩) શિક્ષકોની ફાળવણી:

ધોરણ ૧ અને ૨માં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા, મહેકમ મુજબ ધોરણ ૧ અને ૨માં મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા અને શાળામાં કામ કરતા શિક્ષકોની સંખ્યાના આધારે પ્રજ્ઞા શિક્ષકોની ફાળવણી કરવી. પ્રજ્ઞા શિક્ષક ઓછામાં ઓછા સળંગ ત્રણ વર્ષ પ્રજ્ઞા વર્ગ લે તે અપેક્ષિત છે.

(૪) યુનિટ:

શાળાના બે પ્રજ્ઞા શિક્ષકોની જોડી હોય તો તેને એક યુનિટ ગણવું. જો એક જ શિક્ષક બંને ધોરણ અને બંને વિષય ભણાવતા હોય તો એક શિક્ષક્નુ પણ એક યુનિટ ગણવું.એટલે કે શાળામાં પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા એક કે બે હોય તો યુનિટ એક ગણવું. તેવી જ રીતે શાળામાં પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા ત્રણ કે ચાર હોય તો બે યુનિટ, પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા પાંચ કે છ હોય તો ત્રણ યુનિટ એમ ગણવું. પ્રજ્ઞા શિક્ષકોનિ વધુ સંખ્યા માટે આ મુજબ યુનિટ નક્કી કરવા. પ્રજ્ઞાનું સાહિત્ય અને પ્રજ્ઞા ગ્રાન્ટ યુનિટની સંખ્યાને આધારે ફાળવવું.

(૫) ટૂકડી:

શાળામાં જેટલા પ્રજ્ઞા શિક્ષકો હોય તેટલી પ્રજ્ઞા ટૂકડી બને. ધોરણ ૧ અને ૨ના બાળકોને પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા પ્રમાણે સરખી સંખ્યામાં વહેચવા. કોઈ એક પ્રજ્ઞા શિક્ષક અને ધોરણ ૧/૨ના બાળકોથી બનતા આ જૂથને ટૂકડી કહે છે.

(૬) પ્રજ્ઞા વર્ગખંડમાં દિવસ દરમ્યાન કરવાનું શિક્ષણકાર્ય:

પ્રજ્ઞા વર્ગખંડમાં દરરોજ નીચે મુજબ ચાર ભાગમાં શૈક્ષણિક કાર્ય કરવું.

i. <u>સમૂહકાર્ય-૧:</u>

સમય: વર્ગકાર્યની શરૂઆતની ૩૦ મિનિટ

પ્રજ્ઞા વર્ગની શરૂઆત દરરોજ સમૂહકાર્ય-૧ થી કરવી. જેમાં એકમ આધારિત ગીતો, વાર્તાઓ, મૌખિક રમતો, જોડકણાં વગેરે જેવી મૌખિક પ્રવૃત્તિઓ કરાવવી. જેનાથી બાળકોની શિક્ષણ પ્રત્યે અભિરુચિ કેળવાય. શિક્ષક આવૃત્તિમાં આપેલી એકમવાર સમૂહકાર્ય-૧ની પ્રવૃત્તિઓ ઉપરાંત એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવી શકાય. સમૂહકાર્ય-૧માં બાળકોને એકમ પ્રત્યે અભિમુખ કરવા સાથે જરૂરી પૂર્વજ્ઞાનની ચકાસણી અને વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને નિદાન-ઉપચાર અને સંકલ્પના સ્પષ્ટીકરણ પણ કરાવવું. કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ સમૂહકાર્યમાં જ સિધ્ધ થશે.

ii. <u>અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય:</u>

સમય: સમૂહકાર્ય-૧ અને સમૂહકાર્ય-૨ની વચ્ચેનો સમય

આ સમય દરમ્યાન અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય કરાવવું. પ્રત્યેક બાળકને તેની પાસેના અભ્યાસકાર્ડ પર દર્શાવેલા કલરકોડ મુજબના જૂથમાં બેસાડીને જે તે અભ્યાસકાર્ડમાં જણાવેલી પ્રવૃત્તિ કરાવવી.

iii. <u>સમૂહકાર્ય-૨:</u>

સમય: શાળાનો સમય પૂરો થવાના છેલ્લા એક કલાકમાંથી પહેલી ૩૦ મિનિટ

આ સમય દરમ્યાન એકમ આધારિત વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ કરાવવી. જેમાં લેખિત પ્રવૃત્તિઓ સાથે(કાપવા – ચોંટાડવા - તોડવા - જોડવા - દોરવા જેવી) ક્રિયાત્મક બાબતોનો પણ સમાવેશ કરવો. શિક્ષક આવૃત્તિમાં આપેલી એકમવાર સમૂહકાર્ય-૨ની પ્રવૃત્તિઓ ઉપરાંત એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવી શકાય. સમૂહકાર્ય-૨માં બાળકોને શીખવેલા એકમનો મહાવરો કે દૃઢીકરણ કરાવવો.

iv. <u>રમે તેની રમત:</u>

સમય: શાળા સમયની છેલ્લી ૩૦ મિનિટ

'રમે તેની રમત'માં પ્રજ્ઞા શિક્ષકોએ ધોરણ ૧ અને ૨ના બાળકોને એકસાથે મેદાનમાં વિવિધ રમતો રમાડવી. શિક્ષક આવૃત્તિમાં આપવામાં આવેલી રમતો સિવાય બાળકોની વયકક્ષા મુજબ અન્ય સ્થાનિક રમતો પણ રમાડવી.

(૭) ભાર વિનાનું ભણતર:

પ્રજ્ઞા અભિગમમાં શિક્ષક દ્વારા ભણાવવાને બદલે બાળક જાતે શીખતો થાય તેના પર ભાર મુકવો. આ માટે પ્રજ્ઞા અભિગમમાં પાઠ્યપુસ્તકોને બદલે અભ્યાસક્રમ આધારિત એકમના અભ્યાસકાર્ડ અને સ્વઅધ્યયનપોથી આપવામાં આવ્યા છે. બાળક પોતાની ગતિએ એક પછી એક અભ્યાસકાર્ડ દ્વારા એકમનું કાર્ય પૂર્ણ કરતો રહે છે.

(૮) રાજ્ય કક્ષાએથી અપાતું સાહિત્ય:

પ્રજ્ઞા અભિગમમાં રાજ્ય કક્ષાએથી નીચે મુજબનું સાહિત્ય એક યુનિટ દીઠ આપવામાં આવે છે.

| ક્રમ | સાહિત્ય | યુનિટ દીઠ |
|---|---|---|
| ૧ | અભ્યાસકાર્ડ | ૧ સેટ |
| ૨ | લેડર | ૧ સેટ |
| ૩ | જૂથચાર્ટ | ૨ સેટ |
| ૪ | વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર | ૧ સેટ |
| ૫ | શિક્ષક આવૃત્તિ (ટીચર હેન્ડબુક) | ૧ સેટ |
| ૬ | અર્લી રીડર | ૧ સેટ |
| ૭ | સ્વઅધ્યયનપોથી | બાળકોની સંખ્યા મુજબ |
| ૮ | સચિત્ર બાળપોથી | ૩ નંગ |
| ૯ | બારક્ષરી કાર્ડ | ૩ સેટ |
| ૧૦ | અંક કાર્ડ | ૧ સેટ |

ગુજરાતી વિષયનું પ્રજ્ઞા સાહિત્ય પીળા રંગ અને ગણિત વિષયનું પ્રજ્ઞા સાહિત્ય વાદળી રંગનું છે.

(૯) જૂથ:

અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય સમયે વર્ગખંડમાં ચાર જૂથમાં કાર્ય કરાવવું. બાળકો આ ચાર જૂથમાં વારાફરતી અભ્યાસક્રમના વિવિધ તબક્કામાંથી પસાર થાય છે. બાળકનું જૂથ તેના અભ્યાસકાર્ડના કલર કોડ પરથી નક્કી થાય છે. પ્રજ્ઞા વર્ગમાં ચાર જૂથ આ મુજબ છે.

- શિક્ષક સમર્થિત જૂથ

  કલર કોડ: ગુલાબી

  આ જૂથમાં શિક્ષકે બાળકને નવી સંકલ્પના શીખવવી.

- સહપાઠી જૂથ

  કલર કોડ: લીલો

આ જૂથમાં બાળકને તેના સાથી સાથે કામ કરવાની તક આપવી.

- સ્વઅધ્યયન જૂથ
  કલર કોડ: કથ્થાઈ
  આ જૂથમાં બાળક અગાઉ શીખેલી સંકલ્પનાનો જાતે મહાવરો કરે તે જોવું.
- મૂલ્યાંકન જૂથ
  કલર કોડ:આસમાની
  આ જૂથમાં બાળકે અગાઉ શીખેલી બાબતો/સંકલ્પનાઓનું મૂલ્યાંકન કરવું.અહી બાળક કોઈ પણ અન્યોની મદદ વગર પોતાનું કાર્ય કરે તે અપેક્ષિત છે. મૂલ્યાંકન બાદ શિક્ષકે યોગ્ય નિદાન અને ઉપચાર કાર્ય કરાવવું.

અહી એ બાબત સમજવી જરૂરી છે કે જૂથ શિક્ષકે પાડવા નથી પણ બાળકના અભ્યાસકાર્ડના કલર કોડ મુજબ આપમેળે જૂથ પડે છે. બાળકના નવા અભ્યાસકાર્ડ આધારે તેનું જૂથ બદલાય પણ છે. અહી બાળકને સતત અમુક ચોક્કસ બાળકોની સાથે કામ કરવાને બદલે વર્ગના બધા જ બાળકો સાથે બેસીને કામ કરવાની તક મળે છે. કોઈ એક જૂથમાં બાળકોની સંખ્યા ખૂબ વધી ન જાય તે બાબતનું શિક્ષકે વ્યવસ્થાપન કરતા રહેવું. તેમ છતાં વર્ગમાં બાળકોની સંખ્યા વધુ હોવાને કારણે કોઈ જૂથમાં બાળકોની સંખ્યા વધી જાય તો શિક્ષક 'શેડો જૂથ(પેટા જૂથ)ની' રચના કરી જૂથની સંખ્યા ચારથી વધારીને પાંચ કે છ પણ કરી શકે છે. તેવી જ રીતે કેટલાક વર્ગોમાં બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી હોય તો શિક્ષક પોતાની પાસે વર્ગના તમામ બાળકોને એક જ અર્ધવર્તુળાકારે બેસાડીને કાર્ય કરી શકે છે.

(૧૦) સહપાઠી શિક્ષણ:

સહપાઠી શિક્ષણ એ પ્રજ્ઞા અભિગમનું હાર્દ છે. સામાન્ય રીતે બાળક પોતાના સહપાઠીની મદદથી વધુ સરળતાથી અને ઝડપથી શીખે છે, આથી શિક્ષકે વર્ગખંડમાં બાળક-બાળક વચ્ચે સહપાઠી શિક્ષણની તકો આપવી. વર્ગખંડમાં બે ધોરણના બાળકો સાથે અભ્યાસ કરતાં હોય તો ઉપલા ધોરણના બાળકોની સહપાઠી તરીકે સારી મદદ મળે. જ્યાં એક જ વર્ગના બાળકો અભ્યાસ કરતા હોય ત્યાં પણ અભ્યાસમાં આગળ રહેતા બાળકોની સહપાઠી તરીકે સારી મદદ મળે. જ્યારે બે બાળકો વચ્ચે સહપાઠી શિક્ષણ થાય છે ત્યારે એક બાળકને કંઈક નવું શીખવા મળે છે જ્યારે બીજા બાળક માટે શીખેલી બાબતનું દૃઢીકરણ થાય છે.

(૧૧) પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકની બેઠક વ્યવસ્થા:

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે જૂથ-૧માં બાળકો સાથે બેસવું. જૂથ-૧માં બાળકો નીચે(ભોયતળીયે) બેસતાં હોય, તો શિક્ષકે બાળકોની સાથે નીચે(ભોયતળીયે) બેસવું, પણ જો શિક્ષક પોતાને બેસવા માટે અન્ય સુવિધાનો ઉપયોગ કરે તો શિક્ષકે જૂથ-૧નાં બાળકો માટે પણ તે મુજબની બેઠકની સુવિધા કરવી.

(૧૨) શિક્ષક આવૃત્તિ:

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે કરાવવાની પ્રવૃત્તિઓ કરાવવાની રીત, સમય, જરૂરી સામગ્રી, અધ્યયન નિષ્પત્તિ, એકમવાર અભ્યાસકાર્ડની પ્રવૃત્તિઓ વગેરે બાબતોની સમજ માટે વિષયવાર શિક્ષક આવૃત્તિ આપવામાં આવી છે. આ શિક્ષક આવૃત્તિ શિક્ષકે પોતાની બેઠકની પાસે જ રાખવી.

(૧૩) વિવિધ સિમ્બોલ:

- લેડરમાં વર્તુળ કે ત્રિકોણ આકારમાં એક નંબર દર્શાવેલો છે. આ નંબર જે તે એકમમાં આ કાર્ડનો ક્રમ દર્શાવે છે. આવો જ નંબર અભ્યાસકાર્ડ ઉપર પણ દર્શાવેલો હોય છે.
- વર્તુળ કે ત્રિકોણનો કલર કોડ એ બાળકને બેસવાનું જૂથ દર્શાવે છે.

- ત્રિકોણ આકાર સ્વઅધ્યયનપોથીની કામગીરી દર્શાવે છે. આથી આવા ત્રિકોણના સિમ્બોલવાળા તમામ કાર્ડ વિદ્યાર્થીઓની સ્વઅધ્યયનપોથીમાં જ સમાવેશ કરેલો છે. જ્યારે બાળક ત્રિકોણ સિમ્બોલ ધરાવતા અભ્યાસકાર્ડ પર આવે ત્યારે તેને સ્વઅધ્યયનપોથીમાં કામ કરાવવું.
- અભ્યાસકાર્ડમાં ઉપર ડાબી બાજુએ જે તે એકમનો ક્રમ દર્શાવેલો છે. અભ્યાસકાર્ડના જે ભાગ ઉપર એકમ દર્શાવેલો હોય તે ભાગથી શરૂઆત કરવી.
- કેટલાક અભ્યાસકાર્ડમાં નીચેની બાજુ TLM Boxનો સિમ્બોલ દર્શાવેલો હોય છે. આ સિમ્બોલમાં જે તે અભ્યાસકાર્ડની પ્રવૃત્તિ કરવા માટે જરૂરી સામગ્રી દર્શાવે છે. શિક્ષકે અગાઉથી આ તમામ સામગ્રી પોતાના વર્ગખંડમાં ઉપલબ્ધ રાખવી.

(૧૪) પ્રજ્ઞા શિક્ષકની ભૂમિકા:

પ્રજ્ઞા અભિગમમાં બાળકને શીખવવાને બદલે શીખતો કરવા પર ભાર મુકવામાં આવે છે આથી પ્રજ્ઞા શિક્ષકે બાળકને શીખવા માટેનું યોગ્ય વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવી. પ્રજ્ઞા વર્ગમાં વિવિધ સમયે શિક્ષકે નીચે મુજબની કામગીરી કરવી.

- શાળાના મુખ્ય શિક્ષક અને પોતાના સહકર્મીઓને અભિગમથી વાકેફ કરવા.
- પોતાની શાળા માટે અનુકૂળ પ્રજ્ઞા મોડલ પસંદ કરવું.
- પ્રજ્ઞા વર્ગમાં તમામ સાહિત્ય/સામગ્રી તમામ બાળકોની પહોચમાં હોય તેમ ગોઠવવું.
- સમગ્ર વર્ગના મહત્તમ બાળકો જે એકમનું કામ કરતા હોય તે એકમનું સમૂહકાર્ય શિક્ષક આવૃત્તિમાં સૂચવ્યા મુજબ કરાવવું. જરૂર જણાયે શિક્ષક આવૃત્તિમાં સૂચવ્યા સિવાય એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિ પણ કરાવવી.
- વર્ગમાં જરૂરીયાત મુજબના જ એકમોના અભ્યાસકાર્ડ ખોલીને મુકવા જેથી બાળકો પોતાના અભ્યાસકાર્ડ સરળતાથી મેળવી શકે.
- નવો એકમ શરૂ કરતાં પહેલા શિક્ષક આવૃત્તિમાંથી જે તે એકમની અધ્યયન નિષ્પત્તિઓ અને પ્રવૃત્તિઓ વાંચીને સમજી લેવી.
- બાળક જ્યારે કોઈ પણ અભ્યાસકાર્ડનું કાર્ય પૂર્ણ કરે ત્યારે તે બાળકે જે તે અભ્યાસકાર્ડનું વિષયવસ્તુ શીખી લીધું છે તેની ખાતરી કરવી. જો કચાશ જણાય તો તેનું યોગ્ય નિદાન ઉપચારકાર્ય કરવું. જો અભ્યાસકાર્ડનું વિષયવસ્તુ બાળકે શીખી લીધું હોય તો વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટરમાં તેની નોંધ કરી બાળકને આગળના અભ્યાસકાર્ડ પર મોકલવો.
- પ્રત્યેક નવા અભ્યાસકાર્ડમાં બાળકે શું કરવાનું છે તે શિક્ષકે પોતે અથવા સહપાઠી દ્વારા બાળકને સમજાવવું.
- અભ્યાસ માટે જરૂરી તમામ સામગ્રી/TLM વર્ગના તમામ બાળકો જરૂરિયાતના સમયે જાતે લઈને ઉપયોગ કરી શકે તેમ વર્ગમાં ઉપલબ્ધ રાખવું.
- શિક્ષક આવૃત્તિમાં દર્શાવ્યા મુજબના ચાર વિભાગમાં દરરોજ કાર્ય કરવું.
- દરરોજ રમે તેની રમત અંતર્ગત બંને ધોરણના બાળકોને સાથે પોતાની હાજરીમાં રમત રમાડવી. બાળકોની વયકક્ષાને અનુરૂપ અન્ય સ્થાનિક રમતો પણ રમાડવી.
- બાળકો સમયમર્યાદામાં પોતાના એકમોનું અધ્યયન કાર્ય પૂર્ણ કરે તેવું આયોજન કરવું.

(૧૫) પ્રજ્ઞા મોડલ:

- શાળાના તમામ શિક્ષકોએ સાથે મળીને ઓગસ્ટ માસના અંત સુધીમાં પ્રજ્ઞા શિક્ષકોની મદદથી પોતાની શાળા માટે પ્રજ્ઞા અભિગમનું મોડલ પસંદ કરી શાળાના લેટરપેડ ઉપર આ અંગેનું લખાણ સીઆરસીકો.ઓ. મારફત બીઆરસીકો.ઓ.ને મોકલી આપવું.

**મોડલ ૧: વિષયખંડ – વિષયશિક્ષક - બંને ધોરણના બાળકોનું મિશ્ર જૂથ**

આ મોડલમાં બંને ધોરણના બાળકોને મિશ્ર કરીને બે ટુકડી બનાવવી. એક શિક્ષકે ટુકડી મુજબ ગુજરાતી અને બીજા શિક્ષકે ગણિત ભણાવવું. વિષય મુજબ અલગ અલગ બે વર્ગખંડમાં કામ કરવું. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતી વિષયના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ટુકડી-૧ના બાળકોને ગુજરાતી અને ગણિત વિષયના શિક્ષકે ગણિતના વર્ગમાં ટુકડી-૨ના બાળકોને ગણિતનું કામ કરાવવું. બીજા દિવસે ગણિતના શિક્ષકે ગણિતના વર્ગમાં ટુકડી-૧ના બાળકોને ગણિત અને ગુજરાતીના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ટુકડી-૨ના બાળકોને ગુજરાતીનું કામ કરાવવું. આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

**મોડલ ૨: વિષયખંડ – વિષયશિક્ષક - બાળકોનું ધોરણવાર જૂથ**

આ મોડલમાં બાળકોની ધોરણવાર ટુકડી બનાવવી એટલે કે ટુકડી-૧માં માત્ર ધોરણ-૧ના બાળકો અને ટુકડી-૨માં માત્ર ધોરણ-૨ના બાળકો રાખવા. એક શિક્ષકે ગુજરાતી અને બીજા શિક્ષકે ગણિત ભણાવવું. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતી વિષયના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૧ (ટુકડી-૧)ના બાળકોને ગુજરાતી અને ગણિત વિષયના શિક્ષકે ગણિતના વર્ગમાં ધોરણ-૨(ટુકડી)ના બાળકોને ગણિતનું કામ કરાવવું. બીજા દિવસે ગણિતના શિક્ષકે ગણિતના વર્ગમાં ધોરણ-૧(ટુકડી-૧)ના બાળકોને ગણિત અને ગુજરાતીના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૨(ટુકડી-૨)ના બાળકોને ગુજરાતીનું કામ કરાવવું. આમ, આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

**મોડલ ૩: વિષયખંડ – ધોરણવાર વર્ગશિક્ષક - બાળકોનું ધોરણવાર જૂથ**

આ મોડલમાં બાળકોની ધોરણવાર ટુકડી બનાવવી એટલે કે ટુકડી-૧માં માત્ર ધોરણ-૧ના બાળકો અને ટુકડી-૨માં માત્ર ધોરણ-૨ના બાળકો રાખવા. એક શિક્ષકે ધોરણ-૧ના બાળકોને બંને વિષય અને બીજા શિક્ષકે ધોરણ-૨ના બાળકોને બંને વિષય ભણાવવા. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૧ના શિક્ષકે પોતાના ધોરણના બાળકોને ગુજરાતી વિષયનું કામ કરાવવું જ્યારે ગણિતના વર્ગમાં ધોરણ-૨ના શિક્ષકે પોતાના ધોરણના બાળકોને ગણિત વિષયનું કામ કરાવવું. બીજા દિવસે ધોરણ-૧ના શિક્ષકે પોતાના ધોરણના બાળકો સાથે ગણિતના વર્ગમાં બેસીને ગણિતનું કામ કરાવવું જ્યારે ધોરણ-૨ના શિક્ષકે પોતાના ધોરણના બાળકો સાથે ગુજરાતીના વર્ગમાં બેસીને ગુજરાતીનું કામ કરાવવું. આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

- ઉપરોક્ત ત્રણેય મોડલમાં વિષયખંડ રાખવો ફરજિયાત છે.
- શાળામાં બેકી સંખ્યામાં પ્રજ્ઞા શિક્ષકો હોય અને બે-બે પ્રજ્ઞા શિક્ષકોની એક કરતા વધુ જોડી હોય તો તમામ જોડીઓએ સર્વાનુમતે પોતાની શાળા માટે ઉપરોક્ત જણાવેલા ત્રણેય પ્રજ્ઞા મોડલમાંથી કોઈ એક જ મોડલ નક્કી કરવું.
- શાળામાં એકી સંખ્યામાં પ્રજ્ઞા શિક્ષકો હોય ત્યાં જેટલા શિક્ષકોની જોડી બને તેટલા શિક્ષકોએ ભેગા થઈને પોતાની શાળા માટે કોઈ એક પ્રજ્ઞા મોડલ નક્કી કરવું જ્યારે જે શિક્ષકની જોડી બની શકી નથી તેવા શિક્ષકે મોડલ-૧ મુજબ બંને ધોરણના બાળકોને એક જ વર્ગખંડમાં એક સાથે બેસાડી એક દિવસે ગુજરાતી અને બીજા દિવસે ગણિતનું કામ કરાવવું. આવી શાળાઓએ પોતાના જોડીમાં કામ કરતાં પ્રજ્ઞા શિક્ષકો દ્વારા નક્કી કરવામાં આવેલા મોડલની જ પોતાના સીઆરસીકો.ઓ.ને લેખિતમાં જાણ કરવી.

(૧૬) પ્રજ્ઞા વર્ગખંડ ગોઠવણી બાબત

પ્રજ્ઞા વર્ગખંડમાં સાહિત્યની ગોઠવણી એવી રીતે કરવી કે જેથી પ્રજ્ઞા વર્ગ સાચા અર્થમાં બાળકેન્દ્રી વર્ગ બની રહે. આ માટે નીચેની બાબતો અનુસરવી.

- અભ્યાસકાર્ડ:પ્રત્યેક બાળક સરળતાથી જોઈ શકે અને લઇ શકે તે રીતે પ્રજ્ઞા વર્ગખંડમાં કોઈ એક જગ્યાએ એકમ મુજબ અભ્યાસકાર્ડ મુકવા. જો શાળામાં અગાઉના પ્રજ્ઞા વર્ગના ઘોડા(રેક) હોય, તો તેનો ઉપયોગ કરવો. નવા દાખલ થયેલા બાળકોને શિક્ષકે જાતે અથવા અગાઉના અનુભવી બાળકોની મદદથી અભ્યાસકાર્ડ અપાવવા. બાળકને જોઈતું અભ્યાસકાર્ડ તેને સરળતાથી મળી જાય તેવી વ્યવસ્થા કરવી.
- લેડર: પત્યેંક બાળક લેડર પર પોતાની આંગળી ફેરવી પોતાનું અભ્યાસકાર્ડ જાતે નક્કી કરી શકે તેટલી ઊંચાઈએ લેડર લગાવવી.
- સ્વઅધ્યયનપોથી: સ્વઅધ્યયનપોથી વર્ગમાં એવી રીતે મુકવી કે જેથી પ્રત્યેક બાળક પોતાની જરૂરિયાતના સમયે પોતાની સ્વઅધ્યયનપોથી સરળતાથી લઇ શકે.
- જૂથચાર્ટ: પ્રત્યેક બાળક જૂથચાર્ટ જોઈને પોતે કયા જૂથમાં બેસવાનું છે તે નક્કી કરી શકે તેટલી ઊંચાઈએ જૂથચાર્ટ લગાવવા. ક્લોકવાઈઝ કે એન્ટીક્લોકવાઈઝ ગોઠવી શકાય.
- TLM બોક્ષ: અભ્યાસકાર્ડમાં દર્શાવેલ જરૂરી તમામ સામગ્રી ધરાવતા TLM બોક્ષ વર્ગમાં તમામ બાળકો જાતે સામગ્રી લઈ શકે તેમ રાખવા. અહી TLM બોક્સ બરણી,ખોખા,ડબ્બા,ઘોડા,ટ્રે કે અન્ય સ્વરૂપના રાખી શકાય છે.
- વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર: જ્યારે કોઈ બાળક પોતાના અભ્યાસકાર્ડનું કાર્ય પૂર્ણ કરે ત્યારે શિક્ષક તેની નોંધ 'વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર'માં કરી શકે તેથી તેને શિક્ષકે પોતાની બેઠકની પાસે જ રાખવું.
- અર્લી રીડર: અર્લી રીડર એ એકમમાં આવતાં અભ્યાસકાર્ડ જ છે, આથી તેને જે તે એકમનાં અભ્યાસકાર્ડની સાથે જ મૂકવા અને વાચન અને લેખનનો વધારે મહાવરો પૂરો પાડવા તેનો ઉપયોગ કરવો.

જિલ્લા કક્ષાએ ઓગસ્ટ માસના અંત સુધીમાં પોતાના જિલ્લાની પ્રત્યેક શાળા દ્વારા નક્કી કરેલા પ્રજ્ઞા મોડલની માહિતી એક જ એક્સેલ ફાઈલમાં તાલુકા, ક્લસ્ટર અને શાળાવાર એકંદર કરી અત્રેની ક્યુ.ઈ.સેલ શાખાને ઈ મેઈલથી મોકલી આપવી.

(પી.ભારતી)

- નકલ રવાના જાણ સારૂં:
  - નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
  - નિયામકશ્રી જીસીઈઆરટી